અપીલ અરજી નં.૩૬૫ તા.૨૮–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૧–૨૦૧૧ની અરજી થી કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નં.૨ સુરત સિંચાઈ વર્તુળની કચેરીના પત્ર નં.ડીડીર/પીબી–૧/અરજી/ લીબાંયતઝોન/ખાડી પુરાણ/ ફા./વશી/૨૯૩૦ તા.૨૭–૯–૧૦ ના રોજથી ઝોનલ ઓફિસર સા.ઈ.ઝોન લીબાંયત તરફ આ, ૨૫૦ થી ૩૦૦ મી. ખાડીના અંદરના અને ખાડી ઉપરના ભાગમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ છે તદઉપરાંત ખાડીની આજુ બાજુ છોડવાનું થતું માર્જીન પણ છોડેલ નથી તે સંદર્ભે ઝોનલ અધિકારીને કાર્યવાહી કરવા જણાવેલ છે જે બાબતે ઝોનલ અધિકારી અથવા અન્ય કોઈ અધિકારી ધ્વારા થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી. અને જો આ બાબતે કોઈ કાર્યવાહી ન કરવામાં આવી હોય તો આ લાગતા વળગતા જવાબદાર તમામ અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૫/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૧–૨૦૧૧ની અરજી થી કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નં.૨ સુરત સિંચાઈ વર્તુળની કચેરીના પત્ર નં.ડીડીર/પીબી–૧/અરજી/ લીબાંયતઝોન/ખાડી પુરાણ/ ફા./વશી/૨૯૩૦ તા.૨૭–૯–૧૦ ના રોજથી ઝોનલ ઓફિસર સા.ઈ.ઝોન લીબાંયત તરફ આ. ૨૫૦ થી ૩૦૦ મી. ખાડીના અંદરના અને ખાડી ઉપરના ભાગમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ છે તદઉપરાંત ખાડીની આજુ બાજુ છોડવાનું થતું માર્જીન પણ છોડેલ નથી તે સંદર્ભે ઝોનલ અધિકારીને કાર્યવાહી કરવા જણાવેલ છે જે બાબતે ઝોનલ અધિકારી અથવા અન્ય કોઈ અધિકારી ધ્વારા થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી. અને જો આ બાબતે કોઈ કાર્યવાહી ન કરવામાં આવી હોય તો આ લાગતા વળગતા જવાબદાર તમામ અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે કોઈ માહિતી કે નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૮ તા.૭–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજના પત્રની નકલ તેમની કક્ષાએ હોય તો આધાર તરીકે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૩–૧૧ ના પત્રથી તેઓએ અગાઉની અપીલ એફ.એ.પી નં.૩૩૫/૨૦૧૦–૧૧ તા.૨૮–૧–૧૧ ના હુકમ નં.૧૩૮૫ તા.૮–૩–૧૧ માં રજૂ કરેલી છે જેમાંથી મેળવી કાર્યવાહી કરવા જણાવેલ છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નં.૨ સુરત સિંચાઈ વર્તુળની કચેરીના પત્ર નં.ડીડીર/પીબી–૧/અરજી/ લીબાંયતઝોન/ખાડી પુરાણ/ ફા./વશી/૨૯૩૦ તા.૨૭–૯–૧૦ ના રોજથી ઝોનલ ઓફિસર સા.ઈ.ઝોન લીબાંયત તરફ આ. ૨૫૦ થી ૩૦૦ મી. ખાડીના અંદરના અને ખાડી ઉપરના ભાગમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ છે તદઉપરાંત ખાડીની આજુ બાજુ છોડવાનું થતું માર્જીન પણ છોડેલ નથી તે સંદર્ભે ઝોનલ અધિકારીને કાર્યવાહી કરવા જણાવેલ છે જે બાબતે ઝોનલ અધિકારી અથવા અન્ય કોઈ અધિકારી ધ્વારા થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી અને જો આ બાબતે કોઈ કાર્યવાહી ન કરવામાં આવી હોય તો આ લાગતા વળગતા જવાબદાર તમામ અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત તથા સદર બાબતે મધ્યસ્થ શહેર વિકાસ અધિકારીઓ સાથે રૂબરૂમાં ચર્ચા કરાવતા તેઓએ પણ સ્પષ્ટ જણાવેલ છે કે શહેર વિકાસ મધ્યસ્થ ધ્વારા આપેલ પરવાનગી ઉપરાંત અનઅધિકૃત જે બાંધકામ અને તે બાબતે થઈ રહેલા ગેરરિતિની સંપૂર્ણ જવાબદારી જે તે ઝોનના અધિકારીઓની હોય છે તો આ મુદ્દે પણ સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી સમયસર માહિતી પૂરી પાડશો. તેવી માંગણી કરતી અરજી જાહેર માહિતી અધિકારી અને સીટી ઈજનેર લીંબાયતઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૫૧૯ તા.૨૮–૧–૧૧ થી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી કે નિર્ણય ન મળવાથી અરજદારે તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સદર અરજી સંદર્ભે કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ દરેક અરજીની ફી ભરવાની રહે છે અને ભરેલી ફી ની દરેક અરજી સ્વતંત્ર છે તેની સ્વતંત્ર માહિતી આપવાની રહે છે.

અરજદારે માહિતી માંગતી અરજીમાં જે માહિતી માંગેલ છે તેના સંદર્ભમાં અપીલ તબકકે તા.૧૭–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં કાર્યપાલક ઈજનેરની કચેરી ડ્રેનેજ વિભાગ–૨ સુરત તા.૨૭–૯–૧૦ ના પત્રને સંદર્ભ તરીકે રજૂ કરેલ છે. જે પત્ર ઝોનલ ઓફિસર લીંબાયતઝોનને પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૧–૭–૧૦ ના રોજ કલેકટરશ્રી સુરતને પાઠવેલ પત્ર અંગે ડ્રેનેજ વિભાગ–૨ તરફથી સ્થળ તપાસનો અહેવાલમાં રજૂઆતવાળુ સ્થળ સુરત મહાનગરપાલિકાની લીંબાયતઝોન કચેરીની બાજુમાં પશ્ચિમ તરફના ભાગે આવેલું આ વિસ્તાર સુરત મહાનગરપાલિકાની હદે આવે છે જે સ્થળે હાલમાં " રાહુલરાજ ટેક્ષ. માર્કેટનું બાંધકામ થઈ રહેલ છે સદર બાંધકામ ભામૈયા કડોદરા ડ્રેઈનના કિનારા પર કરવામાં આવી રહેલ છે સદર બાંધકામની કંપાઉન્ડ વોલ આશરે ૨૫૦ થી ૩૦૦ મી. લંબાઈમાં ખાડીના કાઠાં પર બાંધકામ કરવામાં આવી રહેલ છે જે કંપાઉન્ડ વોલનું મોટા બાંધકામનું ખાડીના કાંઠાની અંદર અથવા ખાડીના કાંઠાંની ઉપર કરવામાં આવી રહેલ છે જેથી ભવિષ્યમાં ખાડીના પાણીના પ્રવાહને અવરોધરૂપ થાય તેમ જણાય છે તેમજ ખાડીના અંદરના ભાગે પુરાણ કરી દિવાલ બાંધવાના કારણે ખાડીના હયાત કુદરતી સેકશનમાં ઘટાડો થવા ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો પૂરતી નિકાલ ન થઈ શકવાને લીધે ઉપરવાસ અને આસપાસના વિસ્તારમાં પણ ભરાવાના પ્રશ્નો ઉપસ્થિત થવાની સંભાવના છે. " તેવા અહેવાલ સાથે પાઠવેલ છે. જેની નકલ રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી કે ઈન્કાર માટે કોઈ કારણ જણાવેલ નથી. જેને અનુલક્ષી મુળ અરજીથી અરજદારે માંગેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,